# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. **સાથી પક્ષોના બેઠકોનો દોર સાથે બિહારમાં N.D.A. દ્વારા સરકાર રચવા માટેની તૈયારીઓ શરૂ.**
2. **છત્તીસગઢના સુકમામાં બે મહિલા સહિત ત્રણ માઓવાદીઓનું એન્કાઉન્ટર કરાયું.**
3. **ઉત્તર પ્રદેશના સોનભદ્રમાં ખાણ ધસી પડતાં એક વ્યક્તિનું મોત એક ડઝનથી વધુ લોકો ફસાયા.**
4. **સ્વતંત્ર અને જવાબદાર પ્રેસની ભૂમિકાને બિરદાવવા આજે રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી.**
5. **અને ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકા સામેની બે મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ જીતવા ભારતને 60 રનની જરૂર.**

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# BIHAR-GOVT FORMATION

બિહારમાં નવી સરકારની રચનાને લઈને રાજકીય ગતિવિધિઓ વેગવાન છે. વિધાનસભા ચૂંટણીમાં વિજય બાદ , **NDA** એ રાજ્યમાં સરકાર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પ્રસ્તુત છે એક અહેવાલ

**વોઇસ કાસ્ટ - ધર્મેન્દ્ર**

. . . . . . . . . .

# HYD-VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજે સાંજે હૈદરાબાદની મુલાકાત લેશે. તેઓ બેગમપેટ એરપોર્ટ પર પહોંચશે જ્યાં રાજ્ય દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

તેઓ ફિલ્મ સિટી ખાતે રામોજી એક્સેલન્સ એવોર્ડ્સ 2025 કાર્યક્રમમાં હાજરી આપશે અને મોડી સાંજે દિલ્હી પરત ફરશે.

. . . . . . . . . . . .

# HARDEEP-PURI--SOUTH-KOREA

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે જહાજ નિર્માણ માટે ભારત-કોરિયા સહયોગ મોડેલ ભારતની વધતી જતી જરૂરિયાતોને પૂર્ણ કરવાની સાથે વૈશ્વિક બજારોને પણ સેવા આપી શકશે.

શ્રી પુરીએ કહ્યું કે દક્ષિણ કોરિયા પાસે જહાજ નિર્માણમાં તકનીકી કુશળતા અને અનુભવ છે , જ્યારે ભારત મજબૂત માંગ , કુશળ માનવશક્તિ અને સહાયક નીતિઓ પ્રદાન કરે છે. શ્રી પુરીએ તેમની 3 દિવસની દક્ષિણ કોરિયા મુલાકાતના ત્રીજા તબક્કામાં આ વાત કહી.

એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યુ કે આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચે દરિયાઈ સહયોગને વધુ ગાઢ બનાવવા અને જહાજ નિર્માણ અને ઉર્જા પરિવહનમાં તકોનો વિસ્તાર કરવાનો છે.

. . . . . . . . . .

# JAISHANKAR-BAHRAIN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બહેરીનના વિદેશ મંત્રી ડૉ. અબ્દુલલતીફ બિન રશીદ અલ-ઝયાની સાથે ટેલિફોનિક વાતચીત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે ભારત અને બહેરીન વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી બહુપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના પગલાં પર ચર્ચા કરવામાં આવી.બંને નેતાઓએ વર્તમાન પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

. . . . . . . .

# CHH'GARH- MAOISTS ENCOUNTER

છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે મહિલા સહિત ત્રણ માઓવાદીઓ માર્યા ગયા.

પોલીસના જણાવ્યા અનુસાર , તુમલપાડ વિસ્તારના જંગલમાં માઓવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ જિલ્લા રિઝર્વ ગાર્ડની એક ટીમને શોધ અભિયાન માટે મોકલવામાં આવી હતી. સવારથી સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર ચાલુ હતો.

અત્યાર સુધીમાં, ઘટનાસ્થળેથી ત્રણ માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. તેમના પર 15 લાખ રૂપિયાનું ઇનામ હતું. સુરક્ષા કર્મચારીઓએ ઘટનાસ્થળેથી એક રાઇફલ, એક BGL લોન્ચર અને અન્ય શસ્ત્રો અને વિસ્ફોટકો જપ્ત કર્યા.

બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પી. એ જણાવ્યું હતું કે પોલીસ અને સુરક્ષા દળોની વધારાની ટીમો વિસ્તારમાં મોકલવામાં આવી છે. સઘન શોધખોળ કામગીરી ચાલી રહી છે.

. . . . . . . .

# J&K IED

જમ્મુ અને કાશ્મીરમાં, સુરક્ષા દળોએ શનિવારે સરહદી જિલ્લા રાજૌરીમાં એક ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ શોધી કાઢ્યું , અને બાદમાં તેને નિયંત્રિત વિસ્ફોટમાં નાશ કર્યો.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે જિલ્લાના થન્ના મંડી સબ-ડિવિઝનના ઉપલા બંગાઈ ગામમાં કરવામાં આવેલા વિસ્ફોટમાં એક ઘરને આંશિક નુકસાન થયું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરક્ષા પેટ્રોલિંગ ટીમને ઘરની નજીક IED મળી આવ્યું હતું , અને તેણે ફોન કર્યો હતો. અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને બોલાવીને તેનો નાશ કરાયો હતો.

. . . . .

# SONBHADRA ACCIDENT

ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં ગઈકાલે સાંજે ખાણ ધસી પડતાં એક વ્યક્તિનું મોત થયું છે અને એક ડઝનથી વધુ લોકો ફસાયા હોવાની આશંકા છે. **NDRF, SDRF** અને સ્થાનિક વહીવટીતંત્રની બચાવ ટીમો ફસાયેલા કામદારોને બચાવવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.

વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. એડિશનલ **DGP,** પિયુષ મોરડિયાએ મીડિયાને માહિતી આપી હતી કે ઓબ્રાના બિલ્લી માર્કુંડી ગામમાં કૃષ્ણા ખાણની અંદરની દિવાલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી , જેના કારણે કામદારો ફસાઈ ગયા હતા. મૃતકનો મૃતદેહ મળી આવ્યો છે.

. . . . . . . .

# METRO GATES-RED FORT

દિલ્હી મેટ્રોના લાલ કિલ્લા સ્ટેશનના બધા દરવાજા હવે મુસાફરો માટે ખોલી દેવાયા છે. ગત 10મી તારીખે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે એક કારમાં થયેલા વિસ્ફોટ બાદ લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન બંધ કરવામાં આવ્યું હતું.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# SHAH-SARABHA-DEATH-ANNIVERSARY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્વતંત્રતા સેનાની કરતાર સિંહ સરાભાને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે કરતાર સિંહ સરાભાએ દેશની સ્વતંત્રતા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. ગૃહમંત્રીએ કહ્યું કે ગદર પાર્ટી દ્વારા તેમણે વિદેશમાં રહેતા ભારતીયોને દેશની સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવા પ્રેરણા આપી.

શ્રી શાહે કહ્યું કે કરતાર સિંહ સરાભાના બલિદાનથી સ્વતંત્રતા ચળવળ વધુ મજબૂત બન્યું

. . . .

# NATIONAL-PRESS-DAY

સ્વતંત્ર અને જવાબદાર પ્રેસની ભૂમિકાને બિરદાવવા આજે રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

દર વર્ષે 16 નવેમ્બરે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાપના દિવસની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. વર્ષ 1966થી પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક સ્વતંત્ર નૈતિક નિરીક્ષક તરીકે કાર્ય કરે છે.

આજનો દિવસ દેશમાં લોકશાહીને મજબૂત બનાવવામાં પ્રેસની મહત્વપૂર્ણ ભૂમિકાની યાદ અપાવે છે.આ વર્ષની થીમ વધતી જતી ખોટી માહિતી વચ્ચે પ્રેસની વિશ્વસનીયતાને સુરક્ષિત રાખવા પર કેન્દ્રિત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BOAT CAPSIZE

લિબિયાના દરિયાકાંઠે લગભગ 95 અનિયમિત સ્થળાંતર કરનારાઓને લઈ જતી બે બોટ પલટી જતાં ચાર બાંગ્લાદેશી નાગરિકોના મોત થયા છે. ગુરુવારે રાત્રે ત્રિપોલીથી લગભગ 118 કિલોમીટર પૂર્વમાં દરિયાકાંઠાના શહેર અલ-ખુમ્સ નજીક બનેલી આ દુર્ઘટનાની લિબિયન રેડ ક્રેસેન્ટે પુષ્ટિ કરી છે,

પહેલી બોટમાં 26 બાંગ્લાદેશી સ્થળાંતર કરનારાઓ હતા. જહાજ ડૂબી જતાં તેમાંથી ચાર લોકોના મોત થયા હતા. રેડ ક્રેસેન્ટે બીજી બોટમાં બે ઇજિપ્તીયન અને ડઝનબંધ સુદાનના નાગરિકો સહિત 69 લોકો સવાર હતા.

. . . . . . . .

# BAAL SAHITYA PURSKAR

ગુજરાતની ત્રણ પ્રતિભાશાળી લેખિકાઓને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો બાળ સાહિત્ય પુરસ્કાર 2025 એનાયત કરાયો.

આ વર્ષે રાષ્ટ્રીય બાળદીને નવી દિલ્હીના ત્રિવેણી કળા સંગમ ખાતે આ આયોજન કરાયું હતું. પુરસ્કાર પ્રાપ્ત ત્રણેય લેખિકાઓએ જેમાં કીર્તિદા બ્રહ્મભટ્ટનું "ટીંચક" ગુજરાતી ભાષા માટે, પ્રીતિ પૂજારાને "બાલવિશ્વમ" સંસ્કૃત ભાષા માટે અને હિના અગનાની 'હીર' ને - "આસમાની પરી " સિંધી ભાષા માટે આ પુરસ્કાર એનાયત થયા છે.

દરમિયાન ત્રણેય લેખિકાઓએ આ રાષ્ટ્રીય સન્માનને પોતાની સાહિત્યિક સફરની મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી અને બાળકો માટે લલીત , સંવેદનશીલ તથા મૂલ્યવત્તા સાહિત્ય સર્જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET---IND-VS-SA

કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે દક્ષિણ આફ્રિકા સામેની બે મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે ભારતે બીજા દાવમાં 5 વિકેટે 64 રન બનાવ્યા છે. ભારતને પ્રથમ ટેસ્ટ જીતવા 60 રનની જરૂર છે.

અગાઉ, સવારે દક્ષિણ આફ્રિકાએ ગઈકાલના 7 વિકેટે 93 રનના સ્કોરથી પોતાના બીજા દાવની શરૂઆત કરી હતી , અને 153 રનમાં ઓલ આઉટ થયું હતું. ગઈકાલની રમત પછી ભારતીય કેપ્ટન શુભમન ગિલને ગરદનની ઇજાને કારણે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, ટીમ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે તે નિરીક્ષણ હેઠળ રહેશે અને તેઓ આ મેચમાંથી બહાર થઈ ગયા છે. ગિલની ગેરહાજરીમાં ઉપ-કેપ્ટન ઋષભ પંત ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે.

. . . . . . . . .

# RAMAPHOSA US G20

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ પુનરોચ્ચાર કર્યો કે , અમેરિકાએ G20 બેઠક છોડી દેવાનો નિર્ણય કર્યો હોવા છતાં આગામી G20 નેતાઓની બેઠક યોજના મુજબ જ આગળ વધશે.

જોહાનિસબર્ગના ક્લિપટાઉનમાં બોલતા, રામાફોસાએ કહ્યું કે દક્ષિણ આફ્રિકા વિશ્વ નેતાઓનું સ્વાગત કરવા અને સફળ બેઠક યોજવા માટે તૈયાર છે.

વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધિ વૈષ્ણવી પાસેથી....

(V/C: WN-VAISHNAVI)

. . . . . . . . . . . . . . .